




**IPL 2026** | આજની મેચ: RR Vs RCB | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: ગુવાહાટી

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RR | 3 | 3 | 0 | 0 | 6 | 2.403 |
| PBKS | 3 | 2 | 0 | 1 | 5 | 0.637 |
| RCB | 2 | 2 | 0 | 0 | 4 | 2.501 |
| DC | 3 | 2 | 1 | 0 | 4 | 0.811 |
| SRH | 3 | 1 | 2 | 0 | 2 | 0.275 |
| GT | 3 | 1 | 2 | 0 | 2 | -0.270 |
| LSG | 2 | 1 | 1 | 0 | 2 | -0.542 |
| MI | 3 | 1 | 2 | 0 | 2 | -0.715 |
| KKR | 3 | 0 | 2 | 1 | 1 | -1.964 |
| CSK | 3 | 0 | 3 | 0 | 0 | -2.517 |

# વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપને વિસ્તારવાની ICCની તૈયારી

**હવે** વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં માત્ર નવ ટીમો નહીં પણ કુલ 12 ટીમનો સમાવેશ કરવામાં આવશે

**કેટલાક** પ્રભાવશાળી ક્રિકેટ બોર્ડ હજુ પણ આઇસીસીના આ વિસ્તરણ સાથે સંપૂર્ણપણે સહમત નથી




નવી દિલ્હી, તા. 09 : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબલ્યુટીસી)ના વર્તમાન ફોર્મેટને વિસ્તૃત કરવા માટે કામ કરી રહ્યું છે, જે હેઠળ હવે તેમાં નવને બદલે 12 ટીમો ટેસ્ટની આ મેગા-ઇવેન્ટનો ભાગ બનશે.

મુખ્ય કાર્યકારી સમિતિએ આ પ્રસ્તાવને મંજૂરી આપી છે, જેમાં જુલાઈ 2027 થી શરૂ થતા આગામી સાયકલમાં અફઘાનિસ્તાન, આયર્લેન્ડ અને ઝિમ્બાબ્વેનો સમાવેશ થશે. આઇસીસીએ નાના દેશોના વિરોધ બાદ વિવાદાસ્પદ બે-સ્તરીય પ્રણાલીને સંપૂર્ણપણે નકારી કાઢી છે અને હવે તમામ 12 પૂર્ણ સભ્યો એક જ સ્તરે સ્પર્ધા કરશે, ચીફ એક્ઝિક્યુટિવ્સ કમિટી (સીઇસી)એ વિસ્તરણને સમર્થન આપ્યું હોવાનું માનવામાં આવે છે, જોકે કેટલાક પ્રભાવશાળી ક્રિકેટ બોર્ડ હજુ પણ આ વિસ્તરણ સાથે સંપૂર્ણપણે સહમત નથી.

આ ઉપરાંત, આગામી ફ્યુચર ટૂર્સ પ્રોગ્રામ (એફટીપી) ની આસપાસ ચર્ચાઓ ચાલી રહી છે, જેમાં દરેક ટીમ માટે ઓછામાં ઓછી ટેસ્ટની સંખ્યા સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ટોચની ટીમોને ઉભરતા દેશોનો પ્રવાસ કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે વધુ એક વખતની ટેસ્ટનો સમાવેશ કરવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### LA28 ઓલિમ્પિક્સ માટે પ્રાદેશિક લાયકાતનો રોડમેપ



ICC એ 2028 ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં ક્રિકેટના ઐતિહાસિક પુનરાગમન માટે એક મજબૂત ક્વોલિફિકેશન રોડમેપની રૂપરેખા આપી છે, જેમાં પ્રાદેશિક વર્ચસ્વને પ્રાથમિકતા આપવામાં આવી છે. પ્રસ્તાવિત યોજનામાં એશિયા, યુરોપ, આફ્રિકા અને ઓશનિયા જેવા પ્રદેશોની ટોચની ટીમોને સીધું ઓલિમ્પિક્સમાં સ્થાન મળશે, જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સ આપમેળે યજમાન તરીકે સ્થાન મેળવશે. મહિલા ક્રિકેટ માટે સમાન પેટર્ન અપનાવવામાં આવશે, જે વૈશ્વિક સ્તરે ઓલિમ્પિક જગ્યાઓનું વાજબી વિતરણ સુનિશ્ચિત કરશે અને રમતની પહોંચને નવી ભૌગોલિક સીમાઓ સુધી વિસ્તૃત કરશે.

### ગ્લોબલ ક્વોલિફાયર, અંતિમ સ્થાન માટેનો યુદ્ધ

ઓલિમ્પિક્સમાં સ્થાન મેળવવા માટે, ICC 2027 માં એક ભવ્ય વૈશ્વિક ક્વોલિફાયર યોજવાની યોજના ધરાવે છે, જેમાં પ્રાદેશિક સ્પર્ધા દ્વારા સીધા ક્વોલિફાય થવામાં નિષ્ફળ રહેલી ટીમોનો સમાવેશ થાય છે. આ ટુર્નામેન્ટમાં વિશ્વભરની ટોચની આઠ ટીમો સ્થાન માટે સ્પર્ધા કરશે. આ પ્રક્રિયા માત્ર સ્પર્ધાત્મક જ નહીં પરંતુ કઠિન પ્રાદેશિક સ્પર્ધાને કારણે સીધા પ્રવેશથી ચૂકી ગયેલા દેશો માટે પણ તક પૂરી પાડશે, જેનાથી ઓલિમ્પિકમાં વિશ્વની શ્રેષ્ઠ ટીમોની ભાગીદારી સુનિશ્ચિત થશે.

### આ મહિનાના અંતે મોટા ફેરફારોને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે

**ઈરાન યુદ્ધને કારણે દોહામાં પ્રથમ ત્રિમાસિક બેઠક મુલતવી રાખ્યા બાદ, ICC હવે આ મહિનાના અંતમાં બેંગકોકમાં એક ખાસ બેઠક યોજે તેવી અપેક્ષા છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જુલાઈ 2026 માં સ્કોટલેન્ડમાં યોજાનારી AGM પહેલાં નવા ટેસ્ટ ચેમ્પિયનશિપ ફોર્મેટ અને ઓલિમ્પિક રોડમેપને અંતિમ સ્વરૂપ આપવાનો છે. ક્રિકેટ જગત હવે આ બેઠક પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, કારણ કે અહીં લેવામાં આવેલા નિર્ણયો ફક્ત ટેસ્ટ ક્રિકેટનું ભવિષ્ય જ નહીં પરંતુ ઓલિમ્પિક મંચ પર ક્રિકેટનું સ્થાન પણ વધારશે.**

## ભારતના સૌથી વૃદ્ધ ટેસ્ટ ક્રિકેટર સીડી ગોપીનાથનું નિધન



ચેન્નાઈ, તા. 09 (પીટીઆઈ) : દેશના સૌથી વૃદ્ધ ઈન્ટરનેશનલ ક્રિકેટર અને ભારતની પ્રથમ ટેસ્ટ જીતના સભ્ય સીડી ગોપીનાથનું 96 વર્ષની વયે અવસાન થયું છે. ગોપીનાથ ઓસ્ટ્રેલિયન મહાન ખેલાડી નીલ હાર્વે (97) પછી વિશ્વના બીજા સૌથી વૃદ્ધ ક્રિકેટર હતા. તેમના અવસાન સાથે, મુંબઈના 95 વર્ષીય ચંદ્રકાંત પાટણકર હવે દેશના સૌથી વૃદ્ધ ક્રિકેટર બની ગયા છે. પાટણકરે 1955માં ન્યુઝીલેન્ડ સામે એક ટેસ્ટ રમી હતી. ગોપીનાથના અવસાન સાથે, ભારતે માત્ર તેનો સૌથી વૃદ્ધ ટેસ્ટ ક્રિકેટર જ નહીં પરંતુ દેશના ક્રિકેટ ઈતિહાસમાં એક ભવ્ય પ્રકરણ સાથે સંકળાયેલો છેલ્લો ખેલાડી પણ ગુમાવ્યો. આંકડા મુજબ, ગોપીનાથનું ઈન્ટરનેશનલ પ્રદર્શન સાધારણ લાગે છે, પરંતુ તેમને હંમેશા તેમની કારકિર્દી પર ગર્વ હતો. 1951માં બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે ઈંગ્લેન્ડ સામે શાનદાર 50 અને 42 રનથી શરૂઆત કરતા, આ બેટ્સમેને આઠ ટેસ્ટમાં 242 રન બનાવ્યા, જેમાં એક અડધી સદીનો સમાવેશ થાય છે.

# મધ્ય ઓવરોમાં વિકેટ ગુમાવવાને કારણે KKR 181 રન સુધી સિમિત રહ્યું

**અંતિમ** ઓવરોમાં કેમરન ગ્રીન અને રોવમેન પોવેલે 70 રન ઉમેરીને કોલકાતાને 181 રન સુધી પહોંચાડ્યું

**10 ઓવરમાં** 98 રન બનાવી મજબૂત શરૂઆત કરનારા કેકેઆર બીજી 10 ઓવરમાં 83 રન જ બનાવી શક્યું



કોલકાતા, તા. 09 (પીટીઆઈ) : આઈપીએલમાં આજે ગુરુવારે અહીં રમાયેલી એક મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સના બોલરોએ મધ્ય ઓવરોમાં શિસ્તબદ્ધ બોલિંગ કરીને કોલકાતા નાઈટ રાઈડર્સને ચાર વિકેટે 181 રન સુધી સિમિત રાખ્યું હતું, જેને પગલે તેમને જીત માટે 182 રનનો લક્ષ્યાંક મળ્યો હતો.

સિઝનની પહેલી જીત મેળવવાની કોશિશ કરી રહેલી કેકેઆરની ટીમ પ્રથમ 10 ઓવરમાં 1 વિકેટે 98 રન બનાવીને મજબૂત સ્થિતિમાં હતી. ઓપનર ફિન એલન વહેલો આઉટ થયા પછી કેપ્ટન અજિંક્ય રહાણે અને ઈન ફોર્મ અંગક્રિશ રઘુવંશીએ 52 બોલમાં 84 રન ઉમેર્યા પછી ટીમ 200 ને પાર કરવા માટે તૈયાર દેખાતી હતી, પરંતુ એલએસજીના બોલરોએ 11મી અને 14મી ઓવર વચ્ચે સ્પિન અને સચોટ ઝડપી બોલિંગના મિશ્રણથી ઈનિંગનો માર્ગ બદલી નાખ્યો.

રહાણે 24 બોલમાં 41 અને રઘુવંશી 33 બોલમાં 45 રન કરીને આઉટ થયા હતા. 15 ઓવરમાં ચાર વિકેટે 115 રનનો સ્કોર થયો હતો. તે પછી રોવમેન પોવેલના 24 બોલમાં ચાર ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી નોટઆઉટ 39 અને કેમેરન ગ્રીનના 24 બોલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી નોટઆઉટ 32 રનની ઉપયોગી ઈનિંગ્સની સાથે જ બંને વચ્ચે 70 રનની ભાગીદારીએ ટીમને સ્પર્ધાત્મક સ્કોર સુધી પહોંચાડી હતી.

| કોલકાતા નાઇટ રાઇડર્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રહાણે કો.શમી બો.રાઠી | 41 | 24 | 4 | 2 |
| એલન કો.રાઠી બો.પ્રિન્સ | 9 | 8 | 2 | 0 |
| રઘુવંશી કો.માર્કરમ બો.સિદ્ધાર્થ | 45 | 33 | 5 | 2 |
| ગ્રીન નોટઆઉટ | 32 | 24 | 3 | 1 |
| રિન્કુ બો.અવેશ | 4 | 7 | 0 | 0 |
| પોવેલ નોટઆઉટ | 39 | 24 | 4 | 2 |
| વધારાના | 11 | | | |
| કુલ (20 ઓવરમાં ચાર વિકેટે) | 181 | | | |

**વિકેટપતન :** 1/15, 2/99, 3/105, 4/111

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ શમી | 4 | 0 | 27 | 0 |
| પ્રીન્સ યાદવ | 4 | 0 | 47 | 1 |
| મનીમારન સિદ્ધાર્થ | 4 | 0 | 34 | 1 |
| દિગ્વેશ રાઠી | 4 | 0 | 25 | 1 |
| અવેશ ખાન | 4 | 0 | 44 | 1 |

### કેચ લેતી વખતે ફિલ્ડરનો પગ બાઉન્ડ્રીના કૂશનને સ્પર્શ્યો, છતાં ફિન એલન આઉટ થતા વિવાદ



કોલકાતા, તા. 30 : ઈડન ગાર્ડન્સ ખાતે કેકેઆર અને એલએસજી વચ્ચે ચાલી રહેલી મેચમાં કેકેઆરની ઇનિંગ દરમિયાન ફિન એલનના લખનૌના ફિલ્ડર દિગ્વેશ રાઠીએ બાઉન્ડ્રી લાઇન પર લીધેલા એક કેચથી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે, જ્યાં ચાહકો થર્ડ અમ્પાયરના નિર્ણય અને સોફ્ટ સિગ્નલના અભાવ પર સવાલ ઉઠાવી રહ્યા છે. રાઠીએ ડીપ થર્ડ મેનના બોલ પર એલનનો કેચ લીધો હતો, રિપ્લેમાં જોવા મળ્યું કે કેચ લેતી વખતે રાઠીનો પગ બાઉન્ડ્રી કુશનની ખૂબ નજીક હતો, અને એક ખૂણાથી એવું લાગતું હતું કે તેના જૂતા સાથેના સંપર્કને કારણે બાઉન્ડ્રી કુશન તેની સ્થિતિથી થોડું ખસી ગયું હતું. તેમ છતાં થે્ડ અમ્પાયરે આઉટ જાહેર કર્યો હતો.

# RCB અને RR વચ્ચેની આજની મેચમાં, બધાની નજર ટોપ ઓર્ડર પર

**વૈભવ** સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલની આક્રમક જોડીની શરૂઆત મેચના પરિણામ પર મોટી અસર નાંખશે

**સાંજે 7.30** વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર




ગુવાહાટી, તા. 09 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે શુક્રવારે અહીં રમાનારી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચમાં ફરી એકવાર બધાની નજર બંને ટીમના ટોપ ઓર્ડર પર રહેવાની સંભાવના છે. યશસ્વી જયસ્વાલ અને વૈભવ સૂર્યવંશીની આક્રમક શરૂઆતના આધારે, રાજસ્થાન રોયલ્સ આરસીબી સામેની મેચમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવાનો પ્રયાસ કરશે જ્યારે આરસીબી ઈન-ફોર્મ દેવદત્ત પડિકલ પર આધાર રાખશે.

બે વર્ષ પહેલાં ટી-20 ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા છતાં, આરસીબીના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીનું પ્રદર્શન કથળ્યું નથી. તેના માર્ગદર્શન હેઠળ, આરસીબીએ સંતુલિત ટોપ ઓર્ડર બનાવ્યું છે, અને ફિલ સોલ્ટે પણ છેલ્લી મેચમાં શાનદાર ઈનિંગ્સ રમી હતી. ત્રીજા નંબર પર બેટિંગ કરતા પડિકકેલે પોતાનું ફોર્મ જાળવી રાખીને સંતુલિત આક્રમકતા સાથે બેટિંગ કરી છે. પડિકકેલે પોતાની આઈપીએલ ડેબ્યૂ સીઝનમાં આરસીબી માટે 473 રન બનાવ્યા હતા, પરંતુ તે રાજસ્થાન રોયલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ સાથે તે સફળતાનું પુનરાવર્તન કરવામાં નિષ્ફળ રહ્યો હતો.

તે ગત સિઝનમાં આરસીબીમાં પાછો ફર્યો અને તેમના પ્રથમ આઈપીએલ ટાઇટલમાં મુખ્ય ભૂમિકા ભજવી. આ સિઝનમાં, તેણે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 29 બોલમાં 50 અને સનરાઈઝર્સ હૈદરાબાદ સામે 26 બોલમાં 61 રન બનાવ્યા. કેપ્ટન રજત પાટીદાર અને ઓસ્ટ્રેલિયાનો ટિમ ડેવિડ મિડલ ઓર્ડરને મજબૂત બનાવે છે. આ સિઝનમાં આરસીબીના બોલરોએ પણ પ્રભાવિત કર્યા છે. જોશ હેઝલવુડની જગ્યાએ જેકબ ડફીએ બોલિંગ કરી છે, જ્યારે કૃણાલ પંડ્યા અને સુયશ શર્માએ વચ્ચેની ઓવરોમાં રન પર કાબુ રાખ્યો છે.

જયસ્વાલ અને સૂર્યવંશીના કારણે રોયલ્સ આ સિઝનમાં સૌથી આક્રમક બેટિંગ યુનિટ તરીકે ઉભરી આવ્યું છે. બંનેએ ટીમને ઉત્તમ શરૂઆત અપાવી છે અને વિરોધી બોલરો પર દબાણ બનાવ્યું છે. સૂર્યવંશીએ પાછલી મેચમાં ફરી એકવાર જસપ્રીત બુમરાહને તેના પહેલા જ બોલ પર સિક્સર ફટકારીને પોતાની નિર્ભય રમતનું પ્રદર્શન કર્યું. રોયલ્સના બોલરો પણ રણનીતિનો અમલ કરવામાં સફળ રહ્યા છે.

## દિલ્હી સામે સ્લો ઓવર રેટ બદલ ગિલને રૂ. 12 લાખનો દંડ

નવી દિલ્હી, તા. 09 (પીટીઆઈ) : ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલને દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં સ્લો ઓવર રેટ બદલ 12 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ગઈકાલે બુધવારે ગુજરાતે એક રનથી મેચ જીતી હતી, જે આઈપીએલની આ સિઝનમાં તેની પહેલી જીત છે. આઈપીએલે એક રિલીઝમાં જણાવ્યું હતું કે ગુજરાત ટાઇટન્સના કેપ્ટન શુભમન ગિલને દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે IPL 2026 ની 14મી મેચ દરમિયાન ધીમી ઓવર-રેટ જાળવવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. આઈપીએલ આચારસંહિતાના કલમ 2.22 હેઠળ આ તેની ટીમનો પહેલો ગુનો હતો જેના માટે ગિલને 12 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે એમ તેમાં જણાવાયું છે.

# T20 ઈન્ટરનેશનલમાં બ્રાઝિલની લૌરાએ નવ વિકેટ લઈને ઈતિહાસ રચ્યો

**લૌરા** કાર્ડોસો પુરુષ કે મહિલા ટી-20 ઇન્ટરનેશનલમાં એક ઇનિંગમાં નવ વિકેટ લેનારી પહેલી બોલર બની

**પુરુષોમાં** ભુતાનના સોનમ યેશેનો આઠ વિકેટનો અને મહિલાઓમાં ઇન્ડોનેશિયાની રોહમાલિયાના સાત વિકેટનો રેકોર્ડ તોડ્યો



દુબઈ, તા. 09 (પીટીઆઈ) : બ્રાઝિલની ઝડપી બોલર લૌરા કાર્ડોસોએ પુરુષો કે મહિલા ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં એક ઈનિંગમાં નવ વિકેટ લેનારી પ્રથમ ખેલાડી બનીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવીને ઈતિહાસ રચ્યો હતો.

કાર્ડોસોએ લેસોથો સામે શાનદાર બોલિંગ કરી, ચાર રન આપીને નવ વિકેટ લીધી, જે ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટ ઈતિહાસમાં શ્રેષ્ઠ બોલિંગ ફિગર છે. તેણે ગેબોરોનમાં બોત્સ્વાના ક્રિકેટ એસોસિએશન ઓવલ 2 ખાતે બીસીએ કાલહારી મહિલા ટી-20 ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં આ સિદ્ધિ હાંસલ કરી. અગાઉનો રેકોર્ડ ભૂટાનના સોનમ યેશેના નામે હતો, જેણે 2025માં પુરુષોની ટી-20 ઈન્ટરનેશનલ મેચમાં મ્યાનમાર સામે સાત રન આપીને આઠ વિકેટ લીધી હતી.

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ અનુસાર, કાર્ડોસોએ 2024માં મહિલા ટી-20 ઈન્ટરનેશનલ મેચોમાં મંગોલિયા સામે કોઈ રન આપ્યા વિના સાત વિકેટ લેવાના ઈન્ડોનેશિયાની રોહમાલિયાના રેકોર્ડને તોડી નાખ્યો. કાર્ડોસોએ બીજી ઓવરમાં હેટ્રિક સાથે શરૂઆત કરી અને ચોથી ઓવરમાં વધુ ચાર વિકેટ લઈને તેની વિકેટની સંખ્યા સાત પર પહોંચાડી. કાર્ડોસોએ મેચની છઠ્ઠી ઓવરમાં વધુ બે વિકેટ લઈને ઈનિંગમાં નવ વિકેટ લીધી, છેલ્લી વિકેટ મેરિયન આર્ટુર દ્વારા લેવામાં આવી હતી.

**મહિલા T20 ઇન્ટરનેશનલમાં શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન**

| ખેલાડી | દેશ | હરીફ ટીમ | બોલિંગ ફિગર | વર્ષ |
|---|---|---|---|---|
| લૌરા કાર્ડોસો | બ્રાઝિલ | લિસોથો | 9/4 | 2026 |
| રોહમાલિયા | ઇન્ડોનેશિયા | મંગોલિયા | 7/0 | 2024 |
| ફ્રેડરિક ઓવરડિજક | નેધરલેન્ડ | ફ્રાન્સ | 3/7 | 2021 |
| એલિસન સ્ટોક્સ | આર્જેન્ટિના | પેરુ | 3/7 | 2022 |
| અંજલિ ચંદ | નેપાળ | માલદીવ્સ | 6/0 | 2019 |

# એશિયન બોક્સિંગમાં ભારતીય મહિલા બોક્સરોએ ચાર ગોલ્ડ જીત્યા

**પ્રીતિ**, મીનાક્ષી, પ્રિયા અને અરુંધતીએ ફાઇનલમાં પોતપોતાની હરીફને પછાડી ગોલ્ડ મેડલ જીત્યા, આજે પુરુષોની ફાઇનલ

**જાસ્મીનઅલ્ફિયા** હારતા સિલ્વરથી સંતોષ માનવો પડ્યો, મહિલાઓએ ચાર ગોલ્ડ સહિત કુલ 10 મેડલ જીત્યા



ઉલાનબાતર (મંગોલિયા), તા. 09 (પીટીઆઈ) : વર્તમાન વિશ્વ ચેમ્પિયન મીનાક્ષી હુડા અને પ્રીતિ પવારની આગેવાની હેઠળ ચાર ભારતીય મહિલા બોક્સરોએ ગુરુવારે અહીં એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપની ફાઈનલમાં વિજય સાથે ગોલ્ડ મેડલ જીત્યા અને તેની સાથે ભારતીય મહિલા બોક્સરોએ ચાર ગોલ્ડ, બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ સાથે કુલ 10 મેડલ જીત્યા હતા. મીનાક્ષી (48 કિગ્રા) અને એશિયન ગેમ્સની બ્રોન્ઝ મેડલ વિજેતા પ્રીતિ (54 કિગ્રા) પ્રિયા ઘંઘાસ (60 કિગ્રા) અને વર્લ્ડ બોક્સિંગ કપની ગોલ્ડ મેડલિસ્ટ અરુંધતી ચૌધરી (70 કિગ્રા) સાથે ટોચની દાવેદાર હતી. જોકે, ભારતને 57 કિગ્રા કેટેગરીની ફાઈનલમાં વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન જાસ્મીન લેમ્બોરિયા બે વખતની વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલ્વર મેડલિસ્ટ થાઈલેન્ડની પુનારાવી રુએનરૂસ સામે 0-5થી હારી ગઈ. સાથે જ ભારતની આલ્ફિયા પઠાણ (80 કિગ્રાથી વધુ) પણ ચેમ્પિયનશિપમાં તેના એકમાત્ર મુકાબલામાં કઝાકિસ્તાનની દિના ઈસ્લામબેકોવા સામે 0-5થી હારી ગઈ અને આ બંનેએ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો. મીનાક્ષીએ દિવસની શાનદાર શરૂઆત કરીને મોંગોલિયાની નોમુંદરી એન્ખ-અમગલનને 5-0થી હરાવીને ભારતનો પહેલો ગોલ્ડ મેડલ જીત્યો. પ્રીતિએ વધુ એક પ્રભાવશાળી પ્રદર્શન સાથે પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખીને ત્રણ વખતની વિશ્વ ચેમ્પિયન અને ટોક્યો ઓલિમ્પિક્સની બ્રોન્ઝ મેડલિસ્ટ હુઆંગ ઝિયાઓ-વેનને 5-0થી હરાવી, ત્યારબાદ પ્રિયાએ ઉત્તર કોરિયાની વોન ઉન-ગ્યોંગને 3-0થી, જ્યારે અરુંધતીએ ફાઇનલમાં કઝાકિસ્તાનની બકિત સેયિદિશને 4-1થી હરાવીને પ્રભાવિત કર્યા. શુક્રવારે પુરુષોની શ્રેણીમાં વિશ્વનાથ સુરેશ (૪૮ કિગ્રા) અને સચિન સિવાચ (૬૦ કિગ્રા) પોતપોતાના ફાઇનલમાં ભાગ લેશે.

## જૂનમાં ભારત સામેની એકમાત્ર ટેસ્ટ રાશિદ ખાન કદાચ નહીં રમે

નવી દિલ્હી, તા. 09 (પીટીઆઈ) : પીઠના ઓપરેશન બાદ ડોક્ટરોએ ટેસ્ટ ક્રિકેટથી દૂર રહેવાની સલાહ આપ્યા બાદ અફઘાનિસ્તાનના દિગ્ગજ સ્પિનર રાશિદ ખાને સંકેત આપ્યો છે કે તે જૂનમાં મુલ્લાનપુરમાં ભારત સામે રમાનારી એકમાત્ર ટેસ્ટ ચૂકી શકે છે. રાશિદે કહ્યું કે તેની પ્રાથમિકતા 2027માં દક્ષિણ આફ્રિકામાં યોજાનાર ODI વર્લ્ડ કપ માટે ફિટ રહેવાની છે. 27 વર્ષીય રાશિદે 2023ના વન ડે વર્લ્ડકપ પછી પીઠની સર્જરી કરાવી હતી. તેણે કહ્યું કે ડોક્ટરોએ તેને ટેસ્ટ ક્રિકેટથી દૂર રહેવાની સલાહ આપી હતી, પરંતુ તેમ છતાં તેણે ગયા વર્ષે ઝિમ્બાબ્વે સામે ટેસ્ટ રમી હતી, જેમાં 54 ઓવર બોલિંગ કરી હતી અને 11 વિકેટ લીધી હતી. ગુરુવારે દિલ્હી કેપિટલ્સ સામે ગુજરાત ટાઇટન્સની એક રનની જીત બાદ રાશિદે કહ્યું હતું કે આ એક અઘરો પ્રશ્ન છે. શરૂઆતમાં ડૉક્ટરે મને ટેસ્ટ ક્રિકેટથી દૂર રહેવાનું કહ્યું હતું. તેમ છતાં, મેં ઝિમ્બાબ્વે સામે ટેસ્ટ રમી. ડોક્ટરે મને કહ્યું કે જો તારે ક્રિકેટ રમવું ન હોય તો ટેસ્ટ ક્રિકેટ રમવાનું ચાલુ રાખ. તેણે કહ્યું હતું કે મને વન-ડે ક્રિકેટ ગમે છે અને હું લાંબા સમય સુધી અફઘાનિસ્તાન માટે રમી શકું છું.

## અનુસંધાન ... પાના પહેલાનું

### લેબેનોનમાં ઈઝરાયેલના...

આ હુમલા અંગે તાત્કાલિક કોઈ પુષ્ટિ કરી નથી. ઇઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે તેમણે હિઝબુલ્લાના ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા, જો કે બપોરના સમયે ચેતવણી વગર અન્ય કેટલીલ ઇમારતોને પણ નિશાન બનાવાઇ હતી.

### ઇરાન-અમેરિકા...

દ્વારા યુદ્ધવિરામના ઉલ્લંઘનને કારણે તેમના દેશમાં શાંતિ મંત્રણાને લઈને શંકા છે. તેમણે X પર જણાવ્યું હતું કે, રાજદ્વારી પહેલને નિષ્ફળ બનાવવા માટે ઈઝરાયેલ શાસન દ્વારા વારંવાર કરવામાં આવતા યુદ્ધવિરામ ઉલ્લંઘનને કારણે ઈરાની જનતામાં પ્રવર્તતી શંકા હોવા છતાં, માનનીય વડાપ્રધાન શેહબાઝ શરીફના આમંત્રણ પર, ઈરાની પ્રતિનિધિમંડળ ઈરાન દ્વારા પ્રસ્તાવિત 10 મુદ્દાઓ પર ગંભીર મંત્રણા માટે આજે રાત્રે ઈસ્લામાબાદ પહોંચશે.

### ઇરાની રાજદૂતે બેઠક...

કરવા માટે પ્રતિનિધિમંડળ આજે રાત્રે ઈસ્લામાબાદ પહોંચશે. ઈરાની દૂતાવાસના એક અધિકારીએ બાદમાં સમાચાર એજન્સી AFP ને જણાવ્યું હતું કે આ પોસ્ટ સમય પહેલા મૂકાઈ ગઈ હોવાથી તેને હટાવી દેવામાં આવી છે. જો કે, પ્રતિનિધિમંડળના સમયપત્રકમાં કોઈ ફેરફાર થયો છે કે નહીં તેની તેમણે પુષ્ટિ કરી નથી. રાજદૂત દ્વારા પોસ્ટ ડિલીટ કરવાથી વાટાઘાટોની સ્થિરતા અંગે ચિંતા ઉભી થઈ હતી, પરંતુ ઈરાનના નાયબ વિદેશ મંત્રીએ પાછળથી પુષ્ટિ કરી હતી કે તેહરાન હજુ પણ રાજદ્વારી પ્રક્રિયા માટે પ્રતિબદ્ધ છે.

### પાકિસ્તાને ઇસ્લામાબાદમાં...

નકવી અને બેકરે વાટાઘાટોની તૈયારીઓ વિશે વિગતવાર ચર્ચા કરી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, મધ્ય પૂર્વ માટેના અમેરિકી દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નર અમારા ખાસ મહેમાનો છે. મંત્રીને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, તમામ વિદેશી મહેમાનોને દરેક રીતે અભેદ્ય સુરક્ષા પૂરી પાડવા માટે એક વ્યાપક યોજના તૈયાર કરવામાં આવી છે. અમેરિકી દૂતે બેઠક દરમિયાન પાકિસ્તાનની રાજદ્વારી ભૂમિકાની પ્રશંસા કરી હતી. એક સંબંધિત ઘટનાક્રમમાં સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે અમેરિકાથી 30 સભ્યોની એડવાન્સ ટીમ પહેલેથી જ ઇસ્લામાબાદ પહોંચી ગઈ છે.

### યુદ્ધવિરામમાં તણાવ...

ટકા ઘટીને 23,771.68 પર રહ્યો હતો. એશિયન શેરબજારો પણ મોટાભાગે ઘટાડા સાથે બંધ થયા હતા. ટોક્યોનો નિક્કી 225 ઈન્ડેક્સ 0.7 ટકા ઘટીને 55,895.32 પર, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી 1.6 ટકા ઘટીને 5,778.01 પર પહોંચ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ 0.5 ટકા ઘટીને 25,752.40 પર રહ્યો હતો અને શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.7 ટકા ઘટીને 3,966.17 પર બંધ થયો હતો. ઓસ્ટ્રેલિયાનો S|P/ASX 200 ઈન્ડેક્સ 0.2 ટકા વધ્યો હતો, જ્યારે તાઈવાનનો Taiex 0.3 ટકા ઉપર રહ્યો હતો, પણ ભારતનો સેન્સેક્સ 1.6 ટકા તૂટ્યો હતો. અમેરિકી ફ્યુચર્સમાં પણ 0.4 ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો.

### નીતીશ કુમાર આજે...

કરતાં કુમારે જણાવ્યું હતું કે, "હું અહીં શપથ લેવા માટે આવ્યો છું." રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનના ચેમ્બરમાં તેમને ઉચ્ચ સદનના સભ્ય તરીકે શપથ લેવડાવવામાં આવશે.

નીતીશ કુમાર રાજ્યસભાની ભૂમિકા સંભાળતાની સાથે જ બિહારમાં તેમના લાંબા શાસનનો અંત આવશે અને એનડીએ દ્વારા 14 એપ્રિલના રોજ બિહારના નવા મુખ્યમંત્રીની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા છે.

બિહારના મંત્રી વિજય કુમાર ચૌધરીએ જણાવ્યું હતું કે, નીતીશ કુમાર રાજ્યસભામાં ચૂંટાયા બાદ શપથ લેશે અને ટૂંક સમયમાં મુખ્યમંત્રી પદ છોડી દેશે.

### આસામ, કેરળ,...

ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આસામની તમામ 126 વિધાનસભા બેઠકો માટે ગુરુવારે સાંજે 5 વાગ્યે મતદાન પૂર્ણ થયું હતું, જેમાં અંદાજે 85.21 ટકા મતદાન નોંધાયું છે. આ આંકડો 2021ની ચૂંટણીના 82.04 ટકા કરતા નોંધપાત્ર વધુ છે. અધિકારીઓએ ઉમેર્યું હતું કે, મતદાનની ટકાવારી હજુ પણ વધવાની શક્યતા છે કારણ કે જે લોકો સાંજે 5 વાગ્યા પહેલા મતદાન મથકોમાં પ્રવેશી ચૂક્યા હતા તેમને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, 16 બેઠકો પર (જેમાંની મોટાભાગની લઘુમતી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં છે) મતદાનનો આંકડો 90 ટકા ને વટાવી ગયો છે. જ્યારે 83 બેઠકો પર 80 થી 89 ટકાની વચ્ચે અને બાકીની બેઠકો પર 70 થી 79 ટકાની શ્રેણીમાં મતદાન થયું છે. દલગાંવમાં સૌથી વધુ 95.53 ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે ન્યૂ ગુવાહાટીમાં સૌથી ઓછું 72.05 ટકા મતદાન નોંધાયું છે.

### આસામ વિધાનસભા...

મતદાન મથક ક્રમાંક ૨૩૦માં નિયુક્ત હતા. આજે સવારે તેઓ તેમના પલંગ પર બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. તેમને એમ્બ્યુલન્સ દ્વારા નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. અધિકીરીએ વધુમાં જણાવ્યું હતું કે, મૃત્યુનું કારણ હજી સુધી જાણી શકાયું નથી. જોકે, ડોક્ટરોને શંકા છે કે કોઈ જૂની બીમારીના કારણે આ ઘટના બની હોઈ શકે છે. હોરો ચારિદ્વાર રેવન્યુ સર્કલના દોપદોપી કછારી ગામના વતની હતા. તેઓ સરકારી શાળામાં મદદનીશ શિક્ષક તરીકે કાર્યરત હતા. આ ઘટનાની મતદાન પર કોઈ અસર પડી નથી, જે બૂથ પર નિર્ધારિત સમય મુજબ સવારે ૭ વાગ્યે શરૂ થયું હતું.

### આસામમાં ચૂંટણી...

હતું કે, શ્રીભૂમિ જિલ્લાના પથારકાંડી મતવિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર કાર્તિક સેના સિંહા કથિત રીતે રંગામાટી પોલિંગ બૂથમાં પ્રવેશ્યા હતા અને પ્રિસાઇડિંગ ઓફિસર સાથે દલીલ શરૂ કરી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, તેમણે દાવો કર્યો હતો કે નકલી મતદારોએ અસલી લોકોના મત આપ્યા છે. જ્યારે પ્રિસાઇડિંગ ઓફિસરે આ આરોપ નકારી કાઢ્યો, ત્યારે તેમણે ઈવીએમ તોડી નાખ્યું. આ પછી, કોંગ્રેસ અને ભાજપના સમર્થકો વચ્ચે લડાઈ શરૂ થઈ. અધિકારીએ જણાવ્યું હતું કે, આ અથડામણમાં લગભગ 25 લોકો ઘાયલ થયા હતા, જેમાંથી બેની હાલત ગંભીર છે. તેમને સારવાર માટે કરીમગંજ સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. અશાંતિના કારણે મતદાન મથક પર લગભગ ત્રણ કલાક સુધી મતદાન અટકાવી દેવામાં આવ્યું હતું. ચૂંટણી અધિકારીઓએ ઈવીએમ બદલ્યા બાદ મતદાન ફરી શરૂ થયું હતું.

### દિલ્હી ડાયરી...

હોવાના દાવા સાથે વળતો જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો. ''મંત્રી, ચર્ચામાં ન ઉતરો. ફક્ત જવાબ આપો.'' તેમ બિરલાએ ટકોર કરી હતી અને ઉમેર્યું હતું કે ચૌહાણ એકની એક વાતોનું પુનરાવર્તન કરી રહ્યા છે. ચૌહાણ માટે આ ક્ષણ અસામાન્ય માનવામાં આવતી હતી. કારણ કે, તેઓ અગાઉ મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી તરીકે ચાર ટર્મ સેવા આપી ચૂક્યા છે.